જીવનમાં દુઃખનું વિધાયક મૂલ્ય શું છે?



આ અભાવગ્રંથિ માનવીને નડે છે, અભાવગ્રંથિ એટલે ખાલીપાની લાગણી (sense of incompleted), કાંઈક ખૂટતું હોવાની લાગણી. આ અભાવગ્રંથિનો દુન્યવી માધ્યમો દ્વારા ભરવાનો પ્રયત્ન ન કરશો.

જે અંદર છે, તેને બહારનાં માધ્યમોથી ભરી ન શકાય.

16. પ્રેમાભાસને પ્રેમ ન માનો.
17. જીવનમાં યોગાભ્યાસને સ્થાન આપો.
18. જીવનને યથાર્થ અધ્યાત્મનો પુટ આપો.

4. જીવનમાં વિકાસ કેવી રીતે સિદ્ધ થાય છે?
(1) જાગ્રત અનુભવો.
(2) સ્નેહપૂર્ણ સંબંધો
(3) સ્વાધ્યાય, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, વિજ્ઞાન આદિ
(4) સાહિત્ય સર્જન અને ભાવન
(5) સંગીત, ચિત્ર, શિલ્પ, નૃત્ય, નાટ્ય આદિ કળા
(6) પ્રવાસ-યાત્રા
(7) પર્વતારોહણ, હિમાલયયાત્રા, તરવું, વ્યાયામ, કરાટે, બાગાયત, આકાશદર્શન, પક્ષીદર્શન આદિ
(8) યોગાભ્યાસ
(9) અધ્યાત્મસાધનનું પરિશીલન

5. જીવનનો પાયો છે - ઋત. ઋતને છોડીને જીવનના યથાર્થ સ્વરૂપને પામી શકાય નહીં. અંધકારના ઘોડા પર બેસીને સૂર્યલોકની યાત્રા ન થઈ શકે. ઋતનો નિયમ જીવન સાથે એકરૂપ બનવો જોઈએ.

ઋતના પ્રધાન નિયમો છે-
(1) સત્ય,
(2) અહિંસા,
(3) સંયમ

6. જીવન અને સ્વસ્થ જીવનનું સોનેરી સૂત્ર છે - અવિરોધ. વિરોધમાં નહીં, અવિરોધમાં જીવન ખીલે છે. વિરોધમાં શક્તિનો વ્યય થાય છે અને અવિરોધમાં શક્તિનો સંચય છે.

7. સારા માનવો, સારા ગ્રંથો અને સારાં સ્થાનોનો સંગ કરતા જ રહો.

આ સત્સંગ છે
સત્સંગથી શું થાય છે?
(1) પ્રેરણા પ્રાપ્તિ
(2) જ્ઞાન પ્રાપ્તિ
(3) સંસ્કાર ઘડતર
(4) સમજ વિકાસ
(5) દૃષ્ટિકોણની વ્યાપકતા

8. સમયનો કાર્યક્ષમ ઉપયોગ

જીવનભર અને સતત ક્ષણેક્ષણનો કાર્યક્ષમ ઉપયોગ કરતા રહો.

9. શરીર અને મનના સ્વાસ્થ્યને જાળવી રાખો. બીજી સર્વ અનુકૂળતા હોય પરંતુ શરીર-મન રોગથી ઘેરાયેલું હોય તો? બીમારી માનવીને પંગુ બનાવી દે છે.

શરીર-મનના સ્વાસ્થ્યને જાળવી રાખવાનાં થોડાં મહત્ત્વપૂર્ણ સાધનો અહીં પ્રસ્તુત છે:
(1) યોગાભ્યાસ
(2) ચાલવું, તરવું, નૃત્ય
(3) સૂર્યનમસ્કાર
(4) સમતોલ આહાર
(5) સાત્ત્વિક જીવનશૈલી
(6) અધ્યાત્માભિમુખ જીવન
10. વિધાયક દૃષ્ટિકોણ રાખો.

સારું જોવું, સારું વિચારવું, સારું બોલવું, સારાની આશા રાખવી, સારાને મહત્ત્વ આપવું, સારાનો અમલ કરવો આ વિધાયક દૃષ્ટિકોણ છે અને તેમનાથી વિરોધી વર્તન - આ નિષેધક દૃષ્ટિકોણ છે.

યાદ રહે 'હા' વીરતાની નિશાની છે અને 'ના' કાયરતાની નિશાની છે.

યાદ રહે પ્રકાશની પસંદગી ઋષિકૃત્ય છે અને અંધકાર અસુરોની પસંદગી છે.

ગમે તેવા વિકટ સંજોગોમાં પણ હાર માનશો નહીં. દૃષ્ટિ સૂર્ય તરફ, અંધકાર તરફ નહીં.

11. ગંભીર વિચારો અને કઠિન કાર્યોથી દૂર ન ભાગો. ગંભીર વિચારો અને કઠિન કાર્યો. આ બંને જીવન વિકાસનાં મૂલ્યવાન માધ્યમો છે. તેમનો સ્વીકાર કરો; સંનિષ્ઠભાવે તેમને પરિપૂર્ણ કરો. તેમનાથી દૂર ન ભાગો.

> શરીર અને મનના સ્વાસ્થ્યને જાળવી રાખો. બીજી સર્વ અનુકૂળતા હોય પરંતુ શરીર-મન રોગથી ઘેરાયેલું હોય તો? બીમારી માનવીને પંગુ બનાવી દે છે

પ્રચંડ પુરુષાર્થ કરો અને તમારો વિકાસ સિદ્ધ થશે.

12. દુઃખના સ્વરૂપને સમજી લો.

જીવનમાં દુઃખનું પણ કાંઈક વિધાયક મૂલ્ય છે. જીવનમાં દુઃખનું વિધાયક મૂલ્ય શું છે?
(1) દુઃખ જીવને શિવ પ્રતિ જવાની પ્રેરણા આપે છે.
(2) દુઃખ જીવન વિકાસનું એક માધ્યમ છે.
(3) દુઃખ માનવીને ઘડે છે, પરિપક્વ બનાવે છે.
(4) દુઃખ માનવીને અંતર્મુખ બનાવે છે.
(5) સુખ માનવીને સુવાડી દે છે અને દુઃખ માનવીને જગાડી દે છે.

13. માનવ સંબંધોની કળા શીખી લો.

તે માટે આટલું કરો
(1) વિરોધ નહીં, અવિરોધ
(2) વાણી અને વ્યવહાર મધુર રાખો.
(3) જીવનનું સત્ય છોડશો નહીં.
સત્ય! મધુર, હિતકર સત્ય!
(4) વટ, રીસ, અબોલાને જીવનમાં સ્થાન ન આપો.
(5) નિંદા-ટીકાથી દૂર રહો.
(6) વાણી અને વ્યવહાર એવો ગોઠવો કે અન્ય માનવીની સજ્જનતા બહાર આવે અને દુર્જનતા ગૌણ બની જાય.
(7) ભૂલને સ્વીકારો અને સુધારી લો.
(8) બદલો લેવો નથી, ક્ષમા આપવી છે.

13. અલૌકિક બનવાનો અભરખો ન રાખો. એકનાથજી મહારાજે કહ્યું છે: (ક્રમશઃ)

મહાભારતનું મનોરૂપ
ભાણદેવ

સંત શ્રી જલારામ બાપાની 226મી જન્મ જયંતી

સંત, શૂરા અને દાતારની ધરતી તરીકે ઓળખાતી સૌરાષ્ટ્રની ભૂમિ પરના અનેક સંત - મહંત, શૂરા અને દાતારોની કથા - લોકકથાઓના ગ્રંથો લખાયા છે ગામે -ગામના પાદરમાં ઉભેલા એક-એક પાળિયા શૂરવીરોની કથા સાથે જોડાયેલાં છે. તો બગદાણા, તુલસીશ્યામ, સત્તાધાર, ચલાળા અને વીરપુરના સંતોને યાદ કરતા ભાવપૂર્વક મસ્તક ઝૂકી જાય છે. દીપાવલીના ઉત્સવ શ્રૃંખલા પછી કારતક સુદ સાતમના દિવસે વીરપુરમાં જલારામ બાપાની જન્મ જયંતીનો મહોત્સવ ઉજવાય છે. દિવાળી વેકેશન હોવા ઉપરાંત દેશભરમાં ભકત જલારામ બાપાને માનનારો ખૂબ જ મોટો વર્ગ હોવાથી આજના દિવસે વીરપુરમાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે. જોગાનુજોગ બુધવારે ભકત સંત શ્રી જલારામ બાપાની 226મી જન્મ જયંતી છે. લોહાણા પરિવારમાં જન્મેલા હોવાથી સમગ્ર લોહાણા સમાજ જલારામ બાપાને આદ્યદેવ તરીકે પૂજે છે.

રાજકોટથી લગભગ 52 કિ.મી. ના અંતરે આવેલું વીરપુર આમ તો ખોબલા જેટલું નાનકડું ગામ છે પણ સંત જલારામના ભગવદ્ કાર્યોએ વીરપુરને દેશ-વિદેશ સુધી પ્રસિધ્ધિ અપાવી છે. આમ તો ગુજરાતમાં વીરપુર નામના 10થી વધુ ગામ છે પણ જલારામ વિરપુર લખો તો પીનકોડ વગર તમારો પત્ર છેક સુધી વિના વિઘ્ને અવશ્ય પહોંચી જાય. જલારામ બાપાની જન્મજયંતીના અવસરે વીરપુરમાં દિવાળી જેવો માહોલ છે. ઘરે - ઘરે દીવડાઓ પ્રગટાવવા સાથે રંગબેરંગી લાઈટોની રોશની કરાઈ છે. વીરપુરના ગ્રામજનોએ ઘરઆંગણે રંગોળીઓ સજાવી છે. તો આખી બજારમાં દુકાનદારોએ પણ દુકાનોને લાઈટોના તોરણે સુશોભિત કરી છે. વીરપુરના બાપાના ધામમાં અવિરત ચાલતા રસોડે 250થી વધુ સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે. અહીં દર્શનાર્થીઓને ભોજનની વ્યવસ્થા છે તો સતત ફરતી રહેતી ચાની કીટલી કાઠિયાવાડી આતિથ્યનો અનુભવ કરાવે છે. તીર્થધામ વીરપુરમાં જલારામ બાપાનું મંદિર અદ્યતન - આલીશાન મંદિરો જેટલું ભવ્ય નથી પણ એક સંતના આશ્રમ જેવું સરળ સમાધિ સ્થળ છે. અહીં બાપાની ભવ્ય મૂર્તિના બદલે શ્રધ્ધાપૂર્વક સ્થપાયેલી બાપાની તસવીર છે જેના દર્શન માત્રથી એક સંતોષપૂર્વકની શ્રધ્ધાની અનુભૂતિ થાય છે.

લાખો અને કરોડો લોકો જેના દર્શને આવે છે એવા ભકત સંત શ્રી જલારામ બાપાના જીવન-કવનને જાણવાનો પ્રયાસ કરીએ. આજથી 223 વર્ષ પહેલાં વીરપુરના લોહાણા વ્યાપારી પ્રધાન ઠકકર અને રાજબાઈ ઠકકરને ત્યાં જલારામનો જન્મ થયો હતો. ઘરમાં ધાર્મિક વાતાવરણ વચ્ચે ઉછરેલા જલારામ ઈશ્વરીય અંશ હોય તેમ નાનપણથી જ ગામમા આવતા સાધુસંતોની સેવા કરતાં. સેવા, ભકિત અને અતિથિઓને જમ્યા વગર જવા નહિ દેવાની પ્રવૃત્તિથી પિતાએ તેને 16 વર્ષની ઉંમરે જ વીરબાઈ નામની કન્યા સાથે લગ્ન કરાવી આપેલ કે જેથી સંસારમાં ધ્યાન આપી પિતાના વ્યવસાયમાં રસ લેતા થાય. પણ એવું ના બન્યું ઉલ્ટાનું સંતોની સેવા કરવામાં પત્નીનો સાથ મળ્યો. પિતાના ધંધાથી અને ઘરથી અળગા થઈને કાકા વાલજીભાઈ સાથે રહેવા લાગ્યા. જલારામ બાપા ભગવાન શ્રીરામના પ્રખર ભકત હતા. એકવાર ગામમાં આવેલ સાધુની સેવા-ચાકરી કરતાં પ્રસન્ન થઈ સાધુએ તેને શ્રીરામની મૂર્તિ આપી અને ભવિષ્યવાણી કરી કે નજીકના ભવિષ્યમાં હનુમાનજી પણ પ્રસન્ન થશે. શ્રીરામની મૂર્તિને તેમણે પરિવારના ભગવાન તરીકે પ્રસ્થાપિત કરી પણ થોડા જ દિવસોમાં જમીનમાંથી એક હનુમાનજીની મૂર્તિ પણ સ્વયંભૂ રીતે મળી આવી. બાપાએ રામ-લક્ષમણ જાનકીની મૂર્તિ સાથે હનુમાનજીની મૂર્તિ પણ પ્રસ્થાપિત કરી અને અહીં આવતા કોઈપણ દર્શનાર્થીને ભોજન લીધા વગર ના જાય તે માટે સદાવ્રત ચાલુ કરી દીધું.

જલારામ બાપાએ અમરેલી પાસેના ફતેહપુરાના ભોજલરામ બાપાને ગુરુ બનાવ્યા હતા. સમર્થ સંત - કવિ એવા ભોજલરામ બાપાએ ભજનો, પરચાઓ અને ચાબખાઓની રચના કરી છે. દંભી સમાજના કુ-રિવાજો અને અંધશ્રદ્ધા પરના તેના 'ચાબખા' સાહિત્ય સમાજમાં ખૂબ જાણીતા છે. તેની કર્મભૂમિ ફતેહપુરા આજે ભોજલધામ તરીકે ઓળખાય છે. જલારામ બાપાએ વીરપુરમાં ભોજલરામ બાપાની આ સેવાકીય પ્રવૃત્તિથી પ્રેરાઈને ગામલોકોએ પણ ઘણો સહકાર આપ્યો. બાપાના આ સદાવ્રતમાં નાત-જાતના ભેદભાવ વગર સૌ કોઈને ભોજન અપાતું.

બાપાએ ચાલુ કરેલ આ સદાવ્રત માટે ક્યારેય અનાજ ખૂટયુ નથી એને ચમત્કાર ગણી લોકો અવતારી પુરૂષ તરીકે બાપાને માનવા લાગ્યા. હરજી નામના એક દરજીએ તેમના પિતાના પેટના દર્દ માટે બાપાને ફરિયાદ કરી બાપાએ કહ્યું કે વૈદ્ય - હકીમ નથી પણ ઉપર બેઠેલો ઈલ્મી-હકીમને ફરિયાદ કરું છું એમ કહી ભગવાન શ્રી રામને પ્રાર્થના કરતા પેટનું દર્દ શમી ગયું ત્યારે હરજી નામના એ દરજીએ જલારામનો 'બાપા' કહીને આભાર માન્યો હતો અને ત્યારથી ભકત જલારામની પાછળ બાપા શબ્દ જોડાઈ ગયો છે. સને 1822 માં જમાલ નામના મુસ્લિમ વ્યાપારીનો દીકરો ખૂબ બીમાર પડેલો તેમણે માનતા લીધેલ કે જલાબાપા મારા દીકરાને સાજો કરી દે તો 40 મણ અનાજ બાપાના સદાવ્રતમાં મોકલી આપીશ અને ખરેખર કોઈ ચમત્કાર થયો હોય તેમ લાંબી બિમારીથી ત્રસ્ત તેનો દીકરો સાજો થયો ત્યારે સદાવ્રતમાં 40 મણ અનાજ મોકલી એટલું જ બોલ્યો 'જલા સો અલ્લાહ', જલારામ બાપા થઈ રહેલા સત્કાર્યોનો જશ 'ઉપરવાળા'ને જ આપતા.

એક કિસ્સો બહુ જાણીતો છે. જલારામ બાપાની મહેમાનગતિની પરીક્ષા કરવા ખુદ ભગવાન એક વૃધ્ધ સંતનું રૂપ લઈને બાપાના દ્વારે આવેલા અને તેની સેવા કરવા બાપાના પત્ની વીરબાઈમાને દાનમાં આપી દેવાની માંગણી કરી. જલારામે પત્ની વીરબાઈમા સાથે મસલત કરી અને સહયોગ મળતા તેને વૃધ્ધ સંત સાથે સેવાર્થે મોકલી આપ્યા. સંત ગામના પાદર સુધી પહોંચ્યા હશે ત્યાં તેમણે વીરબાઈમા પાસે તેનો દંડો અને ઝોળી મૂકીને કહ્યું કે થોડી વાર થોભો હું હમણાં આવું છું પણ એ સંત પછી ક્યારેય ના પાછા ફર્યા અને વીરબાઈ એ દંડો અને ઝોળી લઈ ઘરે પાછા ફર્યા. જલારામના મંદિરમાં એ ઈશ્વરની ભેટ સ્વરૂપ દંડો અને ઝોળી આજે પણ સચવાયેલા છે.

સંસ્કૃતિ દર્શન
સનત દવે

વીરપુરના જલારામ બાપાના મંદિરમાં મૂર્તિના બદલે મોટી તસવીર મુકાયેલ છે જે એક બ્રિટિશ ફોટોગ્રાફરે બાપાની તસવીર ખેંચેલી જે એકમાત્ર તસવીરને મોટી બનાવીને દર્શનાર્થે રખાઈ છે. 225વર્ષથી ચાલતા મંદિરના સદાવ્રતમાં 200વર્ષ દરમ્યાન લોકોએ એટલુ બધું મંદિરને આપ્યું છે કે આ એકમાત્ર એવું મંદિર છે કે 9મી ફેબ્રુઆરી - 2000ની સાલથી દાન લેવાનું બંધ કરી દીધું છે. છતાં પણ આજની તારીખે કન્ટેનર અને ટેન્કરો ભરાઈને અનામી દાન અહીં આવે છે જે પણ એક ચમત્કાર છે. પાઘડીધારી સફેદ કુર્તામાં હાથમાં લાકડીધારી બાપાનું સરળ વ્યકિતત્વ પ્રભાવશાળી છે અને દર્શનાર્થીને સંતોષની અનુભૂતિ કરાવનારું છે.

દેશના દરેક નાના - મોટા શહેરોમાં જલારામ બાપાનું મંદિર કે અન્ય મંદિરોમાં પણ બાપાની પ્રતિમાઓ જોવા મળે છે.

આ દિવાળીની રજાઓને કારણે તમે વીરપુર જવા ઈચ્છતા હોય તો પ્રીપ્લાનીંગ કર્યુ હોય તો વધુ સરળતા રહે છે.

> તીર્થધામ વીરપુરમાં જલારામ બાપાનું મંદિર અદ્યતન - આલીશાન મંદિરો જેટલું ભવ્ય નથી પણ એક સંતના આશ્રમ જેવું સરળ સમાધિ સ્થળ છે. અહીં બાપાની ભવ્ય મૂર્તિના બદલે શ્રધ્ધાપૂર્વક સ્થપાયેલી બાપાની તસવીર છે જેના દર્શન માત્રથી એક સંતોષપૂર્વકની શ્રધ્ધાની અનુભૂતિ થાય છે

જુનાગઢ જતી ટ્રેનો વીરપુર સ્ટેશન પર ઉભી રહેતી હોય છે તે ઉપરાંત સરકારી બસોની સગવડ ખૂબ જ સરસ છે.

રાજકોટથી દર પંદર-વીસ મિનિટે વીરપુર માટે બસ મળી રહે છે તે ઉપરાંત વધુ સરળ પ્રવાસ માટે પ્રાઈવેટ વાહનો પણ મળી રહે છે. જો કે રાજકોટ-વીરપુર હાઈવે સીક્સ લાઈનનો બનતો હોવાથી વીરપુર પહોચવામાં થોડો સમય વધુ લાગે છે. પણ એકંદરે વાહન-વ્યવહારની સગવડો ઉત્તમ છે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૩૬

નંદમહોત્સવ

આગાઉના બે લેખોમાં ત્રણ મહત્વના સવાલોના જવાબો સમજ્યા પછી આ બાબતે હજુ પણ ઘણો વિચાર આપણે આ લેખશ્રેણીના ઉતરાર્ધમાં સમજશું ત્યારે વધારે આનંદ આવશે. હમણાં આપણે ખુબ પ્રતિક્ષા કરાવનાર 'નંદમહોત્સવ'નો આનંદ માણીએ. પહેલા આ શબ્દને સમજીએ.

પ્રભુના ધ્યાનમાં, દર્શનમાં, ભક્તિમાં જ્યારે તન્મયતા થાય ત્યારે મન પ્રભુ-પ્રેમમાં તરબોળ થાય છે. તેના પર સુખ-દુઃખની અસર થતી નથી, અને ત્યારે દેહભાન પણ ભુલાઈ જાય છે. ધ્યાન કરનારો જ્યારે એ હકીકત પણ ભૂલી જાય છે કે હું ધ્યાન કરું છું ત્યારે માત્ર 'ઈશ્વરભાવ' જ બાકી રહે છે. ભક્તિમાર્ગમાં જ્યારે ભક્ત અને ભગવાન એક બને ત્યારે પણ આજ આ ભાવની પ્રાપ્તિ થાય છે. અને જ્યારે આ ભાવ જાગૃત થાય ત્યારે તેને જ 'નંદમહોત્સવ' કહેવાય.

અગાઉ સમજ્યા તેમ કંસે તેના ખાસ મંત્રીઓ સાથે બેઠક કરી ચર્ચા કરી, તમામને આદેશ આપ્યો કે, 'તમે છેલ્લા દસ દિવસમાં જન્મેલા તમામ બાળકો પર અત્યાચાર કરીને તેમને સતાવવાનું શરૂ કરી દો. પરંતુ એક વાત ધ્યાનમાં રાખજો કે આ કાર્ય ગુપ્ત રીતે કરવાનું છે કે જેથી જાહેરમાં દોષી ન બનાય'. સાથે જ યોગ્ય પુરસ્કાર આપવાની પણ જાહેરાત કરી. આ જાહેરાત સાંભળીને 'મહાબલ ભટ્ટ' નામનો કંસનો અનુચર કે જે કંસના 'પ્રથમ ગુપ્તચર' તરીકે ઓળખાય છે તે આગળ આવ્યો અને તેણે બીડું ઝડપી ગોકુળ જવાનું નક્કી કર્યું. કંસના અન્ય મંત્રીઓને જો જાહેરમાં બાળકોનો અને ધર્મનો નાશ કરવાની આજ્ઞા મળી હતે, તો વ્રજમાં નંદનું આંગણું પુત્રના જન્મ ઉત્સવથી વંચિત રહેતે. પરંતુ આ અસુરો ગુપ્ત રીત અપનાવવા ઉપરાંત એવી માન્યતામાં પણ હતા કે કંસનો શત્રુ નજીકમાં નહિ પરંતુ કોઈ દૂરના સ્થળે અવતાર પામ્યો છે. એવી ભ્રાંતિથી કંસના મહાબલ ભટ્ટ સિવાયના મંત્રીઓએ વ્રજ (ગોકુળ) તરફ દૃષ્ટિ કરી નહીં અને પ્રાતઃકાળે ૪ વાગ્યે નંદના ઘરે પુત્ર જન્મનો મહોત્સવ ઉજવાઈ રહ્યો.

મહાબલ ભટ્ટ એ વાત જાણતો હતો કે ગોકુળના મુખી નંદ અને વસુદેવ પરમ મિત્ર હતા. અને આ કારણે તેને શક હતો કે નંદની સાથે મળીને વસુદેવે કોઈ ગુપ્ત ષડયંત્ર રચ્યું છે.

જો કે શ્રીકૃષ્ણ, વસુદેવ અને દેવકીના પુત્ર હતા. પરંતુ કંસના અત્યાચારને કારણે જ તેઓ પોતાના પુત્રનો જન્મોત્સવ મનાવી નહિ શક્યા. અને માટે જ ધર્મપિતા નંદને આ લાભ મળ્યો. નંદને એ વાતનો જરા પણ અણસાર નહોતો કે આ બાળક પોતાનો નથી, પરંતુ તેમના ખાસ મિત્ર વસુદેવ અને દેવકીનો છે. તેમજ તેઓ એ વાતથી પણ વાકેફ નહોતા કે આ બાળક શ્રીવિષ્ણુનું મૂળ છે. તેમણે ખુબ ઉત્સાહથી આ જન્મોત્સવ ઉજવવાનું આયોજન કર્યું. પ્રૌઢ અવસ્થામાં પુત્રની પ્રાપ્તિ થવાથી હર્ષ પામેલા નંદે, પહેલા તો આખા વ્રજમાં એ જાહેરાત કરાવી દીધી કે યશોદાએ પુત્રને જન્મ આપ્યો છે.

ત્યારબાદ વૈદિક પ્રથા અનુસાર પોતાના કુળના જોશીઓને તેમજ કર્મકાંડી બ્રાહ્મણોને બોલાવ્યા. તેમણે પુત્રના જન્માક્ષર બનાવ્યા અને તેનું ફળકથન પણ કર્યું.

તેમના રીવાજ મુજબ નાહી ધોઈને પવિત્ર થઈ અલંકારો ધારણ કરી સ્વસ્તિ વચન કરાવીને પુત્રનો જાતકર્મ સંસ્કાર કરાવ્યો. પિતૃઓના તેમજ દેવતાઓના વિધિપૂર્વક પૂજન કરાવ્યા. બ્રાહ્મણોને તલ. સુવર્ણ, ગાય, વસ્ત્ર તેમજ રત્નોના દાન આપ્યા.

જન્મોત્સવમાં ઉપસ્થિત બ્રાહ્મણો, પુરાણીઓ અને સ્તુતિપાઠ કરનારા લોકો માંગલિક શબ્દો અને વૈદિકમંત્રોના ઉચ્ચારણ કરવા માંડ્યા. ગવૈયાઓ ગીત ગાવા માંડ્યા. દુદુમ્ભી અને વાજાઓ વાગવા માંડ્યા.

વ્રજમાં તમામ ઘરો ધજા, પતાકા અને તોરણોથી સુશોભિત કરવામાં આવ્યા, તેમજ પીસેલા ચોખામાં ગેરૂ અને અન્ય રંગોના ઉપયોગ વડે નાના નાના સુંદર ચિત્રો દોરવામાં આવ્યા. દરેક માર્ગો પર સુગંધિત જળ છાંટવામાં આવ્યું. ગાયો, બળદો અને વાછરડાને હળદરની પીઠી લગાવી મોરપિચ્છની માળાઓથી શણગારવામાં આવ્યા. ગોવાળો ઉત્તમ વસ્ત્રો અને અલંકારો પહેરી જુદા જુદા પ્રકારની ભેટો ભરેલી છાબ લઈ નંદની હવેલીએ આવવા માંડ્યા અને નંદને અભિનંદન આપી પોતપોતાની બેઠકો પર બેસવા માંડ્યા. અત્તર, ગુલાબજળ તેમજ પુષ્પોની માળાઓ વડે તેમનું સન્માન કરવામાં આવ્યું. ગવૈયાઓ અને કસબીઓ પોતપોતાની કળાઓથી સભાસદોને પ્રસન્ન કરવા માંડ્યાં. ગોપીઓએ પણ જ્યારે જાણ્યું કે નંદ તેમના પુત્રનો જન્મોત્સવ મનાવી રહ્યા છે, ત્યારે તેઓએ પણ

પરમઆનંદથી ઉત્તમ વસ્ત્રો અને શણગારો ધારણ કર્યા. તેમના કાનોમાં મોતીની બુટ્ટી હતી અને ગળામાં રત્નજડિત હાર હતા. હાથમાં સોનાની બંગડીઓ પહેરી હતી. ખુબ ઝડપથી રસ્તા પર ચાલવાને કારણે તેમની પુષ્પમાળાઓ તૂટી રહી હતી અને જાણે પુષ્પવર્ષા થઈ હોય તેવો માહોલ બની રહ્યો. તેમના ચોટલામાંથી ખરી પડેલા પુષ્પોની પાંદડીઓથી વ્રજના સઘળા માર્ગો સુગંધમય બની ગયા. ગોપીઓ નંદના ઘરે પહોચી, આશીર્વચન ભરેલા માંગલિક ગીતો ગાતી ગાતી નંદના દરબારમાં તેમના માટે અલગ રખાયેલી જગ્યા પર બેસવા માંડી. ગીતોના અને વાજાઓના માંગલિક ગાન ઉપસ્થિત રહેલા તમામને અદભુત આનંદ આપવા માંડ્યા.

નંદે પોતાના પુત્રના અભ્યુદય માટે આવનાર દરેક વ્યક્તિઓનું સ્વાગત કરી તેમને ધન, વસ્ત્ર, અલંકાર, અન્ન વગેરે દાનો વડે પરિતૃપ્ત કર્યા. વસુદેવની સ્ત્રી રોહિણી, કે જે મથુરાથી વ્રજમાં આવીને રહી હતી અને બલરામ જેવા ઉત્તમ અને ભાગ્યશાળી પુત્રની જનની હતી, તે પણ સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કરીને ગોપીઓનું ઉચિત સન્માન કરવા લાગી.

(ક્રમશઃ)

> હું ધ્યાન કરું છું ત્યારે માત્ર 'ઈશ્વરભાવ' જ બાકી રહે છે. ભક્તિમાર્ગમાં જ્યારે ભક્ત અને ભગવાન એક બને ત્યારે પણ આ જ ભાવની પ્રાપ્તિ થાય છે અને જ્યારે આ ભાવ જાગૃત થાય ત્યારે તેને જ 'નંદમહોત્સવ' કહેવાય

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ